એમેઝોન કંપની ભારતમાં ૫ વર્ષમાં ૧૩ અબજ ડોલરનું નવું રોકાણ કરશે

કંપનીના સીઇઓ એન્ડી જેસીએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી

ઇ-કોમર્સના વધુ વિકાસ અને ટેકનોલોજી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ માટે રોકાણ કરાશે, ભારતમાં આ કંપનીનું કુલ આયોજિત રોકાણ ૪૮ અબજ ડોલર થશે

નવી દિલ્હી, તા. ૨૫(પીટીઆઇ): એમેઝોન ભારતમાં વધારાના ૧૩ અબજ યુએસ ડોલરનું રોકાણ કરશે, જેનાથી ૨૦૨૬ અને ૨૦૩૦ વચ્ચે દેશમાં તેનું આયોજિત મૂડી રોકાણ ૪૮ અબજ અમેરિકી ડોલર થઈ જશે, તેમ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર(CEO) એન્ડી જેસીએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ઈ-કોમર્સ અને એમેઝોનના ક્લાઉડ-કમ્પ્યુટિંગ ડિવિઝન 'એમેઝોન વેબ સર્વિસીસ'(AWS) પર ગ્રાહકોની મજબૂત માંગને કારણે એમેઝોનના ભારતના બિઝનેસમાં જોરદાર તેજી જોવા મળી રહી છે.

વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મોટા અર્થતંત્રોમાંના એક એવા ભારતમાં પોતાની હાજરી મજબૂત કરવા માટે એમેઝોને છેલ્લા એક દાયકામાં લોજિસ્ટિક્સ નેટવર્ક, ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ સેવાઓ ઊભી કરવા માટે ભારે રોકાણ કર્યું છે. જેસીએ દેશ પ્રત્યે એમેઝોનની લાંબાગાળાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને જણાવ્યું હતું કે કંપનીનો ભારતનો બિઝનેસ મજબૂત વિકાસના પથ પર છે, જેમાં ખાસ કરીને ઈ-કોમર્સ અને તેની ક્લાઉડ કમ્પ્યુટિંગ યુનિટ એમેઝોન વેબ સર્વિસીસમાં ગ્રાહકોની ભારે માંગ છે.

વડાપ્રધાન મોદીએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, એન્ડી જેસી સાથે ખુબ સરસ મુલાકાત રહી. હું ભારતમાં એમેઝોનના રેકોર્ડબ્રેક ૪૮ અબજ ડોલરના રોકાણને આવકારું છું. આનાથી આપણા યુવાનો માટે નવી તકો ઊભી થશે.

તેમણે ઉમેર્યું હતું કે, આ રોકાણ ભારતમાં રોકાણ કરવા માટે વિશ્વભરમાં વધી રહેલા રસને પણ દર્શાવે છે. વડાપ્રધાન સાથેની મુલાકાતની તસવીર શેર કરતા જેસીએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ભારતમાં એમેઝોન માટે આગળ શું છે તે અંગેની ચર્ચામાં તેમને ખૂબ આનંદ આવ્યો.

વેનેઝુએલા ભૂકંપ: વિશ્વભરના નેતાઓએ સહાનુભૂતિ વ્યક્ત કરી

કારાકાસ, તા. ૨૫: વિનાશક ભૂકંપ બાદ અમેરિકા વેનેઝુએલાના લોકો પ્રત્યે પોતાની ઊંડી સંવેદના વ્યક્ત કરે છે," તેમ યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ સોશિયલ પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે અમેરિકા વેનેઝુએલામાં શોધ અને બચાવ ટીમો, તબીબી સંસાધનો અને માનવતાવાદી સહાય તાત્કાલિક તૈનાત કરી રહ્યું છે, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને વેનેઝુએલાના લોકો પ્રત્યે ફ્રાન્સની એકતા વ્યક્ત કરવા માટે સોશિયલ પ્લેટફોર્મ X નો સહારો લીધો હતો અને જણાવ્યું હતું કે શોધ અને કાટમાળ હટાવવાની કામગીરીમાં વિશેષતા ધરાવતા ૮૫ ફ્રેન્ચ બચાવ કાર્યકરોની ટીમ તાત્કાલિક વેનેઝુએલા રવાના કરવામાં આવી રહી છે.

ચીન-બાંગ્લાદેશ વચ્ચે ૧૩ ઐતિહાસિક કરારો

તીસ્તા નદી મુદ્દે હાથ મિલાવતા ભારતની ચિંતા વધી

બેઇજિંગ, તા. 25: ચીન અને બાંગ્લાદેશે ગુરુવારે તીસ્તા અને અન્ય નદીઓના સંચાલન પર સહયોગ મજબૂત કરવા માટે સહમતિ દર્શાવી હતી અને દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

બેઇજિંગમાં બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાન અને ચીનના પ્રીમિયર લી કિઆંગ વચ્ચેની વાતચીત બાદ ૧૩ જેટલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર સહમતિ સધાઈ હતી.

બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સી બાંગ્લાદેશ સાંગબાદ સંસ્થા(બીએસએસ)ના અહેવાલ મુજબ, ગ્રેટ હોલ ઓફ ધ પીપલ ખાતે પ્રીમિયર લી દ્વારા રહેમાનનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ બંને પક્ષોએ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી હતી અને એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

ન્યૂઝ પોર્ટલ દ્વારા બાંગ્લાદેશી વડા પ્રધાન કાર્યાલયના પ્રવક્તા મહદી અમીનને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, "બાંગ્લાદેશની નિકાસ ક્ષમતા વધારવા પર ચર્ચા કરવામાં આવી હતી જેથી અમે ચીનમાં નિકાસ વિસ્તારી શકીએ, સાથે વિકાસ સહયોગના વિવિધ ક્ષેત્રો પર પણ ચર્ચા થઈ હતી."

અમીને કહ્યું હતું કે, "ચીન તરફથી રાહત દરે મળતી લોન પર પણ વાતચીત કરવામાં આવી હતી, જેમાં વ્યાજ દરો ઘટાડવા અને ગ્રેસ પીરિયડ લંબાવવાના રસ્તાઓ સામેલ છે."

રહેમાન શુક્રવારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળે તેવી સંભાવના છે, તે પહેલાં તેઓ દેશની તેમની પાંચ દિવસીય મુલાકાત પૂર્ણ કરશે.

તીસ્તા પાણીની વહેંચણીના મુદ્દા પર ભારતની સંવેદનશીલતાને જોતાં આની ઢાકા-નવી દિલ્હી સંબંધો પર અસરો પડી શકે છે.

અમેરિકા સાથેના વેપાર કરારની ખૂબ જ નજીક આવી ગયા છીએ: ગોયલ

વાણિજ્ય મંત્રીએ જો કે જણાવ્યું કે ભારત તેના હરીફ દેશો સામે સ્પર્ધાત્મક ટેરિફ લાભ મેળવી ન લે ત્યાં સુધી કરાર અમલી નહીં બને

લંડન, તા. ૨૫(પીટીઆઇ): વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથેનો વેપાર કરાર ખૂબ જ નજીક છે, પરંતુ જ્યાં સુધી ભારત તેના હરીફ દેશો સામે સ્પર્ધાત્મક ટેરિફ લાભ મેળવી ન લે ત્યાં સુધી તે અમલમાં આવી શકે નહીં. તેમણે અહીં 'ઈન્ડિયા ગ્લોબલ ફોરમ' યુકે-ઈન્ડિયા વીક ઈવેન્ટમાં જણાવ્યું હતું કે, જે દિવસે આવું થશે, તે જ દિવસે આ ડીલ પાકી થઈ જશે.

ગોયલ ભારત-યુકે મુક્ત વ્યાપાર કરાર(FTA)ના અમલીકરણ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે અહીં આવ્યા છે. મંત્રીએ આ અઠવાડિયે નવી દિલ્હીમાં ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા અંગે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીર સાથે બે દિવસીય વાતચીત કરી હતી. જો કે, વાણિજ્ય મંત્રાલયના નિવેદનમાં એવો કોઈ સંકેત આપવામાં આવ્યો નથી કે ૨૪ જુલાઈએ ૧૦ ટકાના અસ્થાયી ટેરિફની મુદત પૂરી થાય તે પહેલા તમામ મતભેદો ઉકેલાઈ ગયા છે.

સોના-ચાંદીના ભાવ વધુ ગગડયા

સોનામાં પ્રતિ 10 ગ્રામ દીઠ રૂ. 2800 અને ચાંદીમાં કિલો દીઠ રૂ.5000 ઘટ્યા।

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ) વૈશ્વિક બુલિયન (સોના-ચાંદી) બજારોમાં ઘટાડાને પગલે રાષ્ટ્રીય પાટનગરમાં ગુરુવારે સતત ત્રીજા દિવસે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. કારણ કે, મજબૂત થઈ રહેલા યુએસ ડૉલરે કિંમતી ધાતુઓ પ્રત્યે રોકાણકારોનો ઉત્સાહ ઘટાડ્યો છે.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતું સોનું રૂ. ૨,૮૦૦ ઘટીને ૧૦ ગ્રામ દીઠ રૂ. ૧,૪૫,૩૦૦ (તમામ કર સહિત) ના ત્રણ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૧,૪૮,૧૦૦ હતું.

ચાંદીમાં પણ નરમાઈ જોવા મળી હતી, જે રૂ. ૫,૦૦૦ ઘટીને રૂ. ૨,૨૬,૦૦૦ પ્રતિ કિલોગ્રામ પર આવી ગઈ હતી, જે છ મહિનાની નીચી સપાટી છે.

ઇતિહાસના ૬ સૌથી મહા-વિનાશક ભૂકંપ

૨૦૦૪માં સુમાત્રાના ભૂકંપ-સુનામીએ લીધો ૩ લાખ લોકોનો જીવ; યાદીમાં ગુજરાતના ૨૦૦૧ના ભુજ ભૂકંપનો પણ સમાવેશ

નવી દિલ્હી, તા. 25

વેનેઝુએલામાં આવેલા ભૂકંપે ભલે ભારે તબાહી મચાવી હોય, પરંતુ યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ)ના આંકડા મુજબ દુનિયામાં આનાથી પણ ક્યાંય વધારે ભયાનક અને મહા-વિનાશક ભૂકંપ આવી ચૂક્યા છે, જેમણે ઇતિહાસની ભૂગોળ જ બદલી નાખી હતી. આ યાદીમાં વર્ષ 1960માં ચિલીમાં આવેલો 9.5ની તીવ્રતાનો 'ગ્રેટ ચિલી ભૂકંપ' સૌથી ટોચ પર છે, જ્યારે વર્ષ 1964માં અલાસ્કામાં આવેલા 9.2ની તીવ્રતાના ભૂકંપે સતત 4 મિનિટ સુધી ધરતીને હલાવી દીધી હતી. ત્યાં જ વર્ષ 2004માં ઈન્ડોનેશિયાના સુમાત્રામાં આવેલા 9.1ની તીવ્રતાના ભૂકંપ બાદ ઉઠેલી હિંદ મહાસાગરની સુનામીએ 3 લાખ લોકોનો જીવ લીધો હતો.

ગ્રેટ ચિલી ભૂકંપ (1960)

વેનેઝુએલામાં માત્ર 7.5 ની તીવ્રતાના ભૂકંપે તબાહી મચાવી દીધી, હવે જરા વિચારો કે ક્યાંક 9.5 મેગ્નિટ્યુડનો ભૂકંપ આવી જાય તો શું થશે. વર્ષ 1960 માં ચિલીના બાયોબિયો ક્ષેત્રમાં કુદરતે આવો જ એક પ્રકોપ વર્તાવ્યો હતો. વૈજ્ઞાનિક ઈતિહાસમાં તેને આજ સુધીનો સૌથી શક્તિશાળી અને ખતરનાક ભૂકંપ માનવામાં આવે છે, જેને 'ગ્રેટ ચિલી અર્થક્વેક' તરીકે ઓળખવામાં આવે છે.

આ ભૂકંપે જમીનને તો ફાડી જ નાખી, સાથે જ પ્રશાંત મહાસાગરમાં એવી ઉગ્ર લહેરો પેદા કરી જેનાથી ચિલીમાં આશરે 1,655 લોકોના દર્દનાક મોત થયા.

અલાસ્કાનો ભૂકંપ (1964)

વર્ષ 1964 માં અમેરિકાના અલાસ્કામાં આવેલા ભૂકંપે આધુનિક વિજ્ઞાનને પણ હેરાન કરી દીધું હતું. આ ભયાનક આપત્તિમાં લગભગ 130 લોકોએ જીવ ગુમાવ્યો હતો.

સુમાત્રા, ઈન્ડોનેશિયા (2004)

માનવ ઈતિહાસની સૌથી દર્દનાક અને રૂંવાડા ઉભા કરી દે તેવી કુદરતી આપત્તિ ઈન્ડોનેશિયામાં થઈ હતી. વર્ષ 2004 માં ઈન્ડોનેશિયાના સુમાત્રા ક્ષેત્રમાં 9.1 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. સત્તાવાર આંકડાઓમાં આશરે 2.8 લાખથી વધુ મોત નોંધાયા, પરંતુ જાણકારોનું માનવું છે કે ગુમ થયેલા લોકોને મેળવીને આ આંકડો 3 લાખને પાર હતો.

તોહોકુ, જાપાન (2011)

જાપાનને ભૂકંપોનો દેશ કહેવામાં આવે છે અને ત્યાંની ટેકનોલોજી આ આપત્તિ સામે નિપટવા માટે દુનિયામાં સૌથી બેસ્ટ માનવામાં આવે છે. પરંતુ વર્ષ 2011 માં જાપાનના તોહોકુ ક્ષેત્રમાં આવેલા 9.1 ની તીવ્રતાના મહા-ભૂકંપે આધુનિક દુનિયા અને વિજ્ઞાનના ઘમંડને પળવારમાં ચકનાચૂર કરી દીધો. આ પ્રલયમાં 15,000 થી વધુ લોકોના જીવ ગયા હતા.

કામચટકા, રશિયા (1952 અને 2025)

રશિયાનો અંતરિયાળ કામચટકા વિસ્તાર જમીનની નીચે રહેલી ફાટેલી તિરાડોનો એક બહુ મોટો ગઢ છે. આ વિસ્તારએ 100 વર્ષની અંદર પ્રકૃતિના બે બહુ મોટા આંચકા સહન કર્યા છે. 1952 માં અહીં 9.0 ની તીવ્રતાનો એક અત્યંત શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. આ આંચકાથી ઉઠેલા સુનામીના મોજા એટલા વિશાળ હતા કે તેમણે રશિયાના આ ઠંડા વિસ્તારમાં આશરે 15,000 લોકોને હંમેશા માટે મોતની ઊંઘમાં સુવાડી દીધા.

ગુજરાત, ભારત (2001)

26 જાન્યુઆરી 2001 ના રોજ જ્યારે આખો દેશ પ્રજાસત્તાક દિવસ મનાવી રહ્યો હતો, ત્યારે જ સવાર-સવારમાં ગુજરાતના ભુજ અને કચ્છ વિસ્તારમાં કુદરતનો સૌથી ભયંકર પ્રકોપ તૂટી પડ્યો. રિક્ટર સ્કેલ પર 7.7 ની તીવ્રતાના આ વિનાશક ભૂકંપે આખા ગુજરાતને હચમચાવી દીધું હતું. આ ભીષણ ત્રાજડીમાં આશરે 20,000 થી વધુ લોકોના દર્દનાક મોત થયા હતા અને દોઢ લાખથી વધુ લોકો ઘાયલ થયા હતા. લાખો લોકો બેઘર થઈ ગયા હતા.

વન વિભાગ સુરત
ટેન્ડરની જાહેર નિવિદા

TENDER NOTICE NUMBER: DCFSUR/TENDER/06/2026-27

આથી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તથા તેને સમકક્ષ નોંધાયેલ ઇજારદારો/એજન્સીઓ પાસેથી નીચેના કોષ્ટકમાં જણાવેલ વિગત મુજબના ટેન્ડરની કામગીરીમાં રસ ધરાવતા ઇજારદારો/એજન્સીઓને બીડમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

No.	Name of Work	Estimate Amount	Tender EMD	Tender Fee	Class of registration
1	PROVIDING AND FIXING BARBED WIRE FENCING AT Karanjava in Mandavi North Range	870462.00	125000.00	1500.00	"E-1" Class & above.
2	PROVIDING AND FIXING BARBED WIRE FENCING AT Amalchuni in Mandavi South Range	785833.75			
3	PROVIDING AND FIXING BARBED WIRE FENCING AT KANTVAV IN VANKAL RANGE	807888.90			
4	PROVIDING AND FIXING BARBED WIRE FENCING AT BILVAN IN VADPADA RANGE	688037.25			
5	PROVIDING AND FIXING BARBED WIRE FENCING AT Dhabhari in Dumas Range	1015539.00			
	TOTAL	4167761.00			

ઉક્ત કામના ટેન્ડર દસ્તાવેજો તારીખ ૨૬/૦૬/૨૦૨૬ થી તારીખ ૧૦/૦૭/૨૦૨૬ દરમિયાન ૧૮.૦૦ કલાક સુધી tender.nprocure.com ની વેબસાઇટ ઉપર ઓનલાઇન ભરી શકાશે તથા સદરહુ ટેન્ડર દસ્તાવેજની કોપી નીચે જણાવેલ સરનામે દસ્તાવેજ સબમીશન તારીખ ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૭:૪૫ કલાક સુધી ટેન્ડરના ભૌતિક દસ્તાવેજો તથા ડી.ડી. સહીતની કોપીનું સીલ બંધ કવર અત્રે R.P.A.D./Speed Post થી મોકલવાના રહેશે અને કવર ઉપર ટેન્ડરની સંપૂર્ણ વિગત, મોકલનારનું નામ અને સરનામું ખાસ લખવાનું રહેશે અને અધુરી કવરનોટ વાળા બીડરના કવરને ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

સરનામું: નાયબ વન સંરક્ષકની કચેરી સુરત વન વિભાગ, સુરત
ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ ડી-માર્ટની સામે
અડાજણ, સુરત-૩૯૫૦૦૯.

નાયબ વન સંરક્ષક
સુરત.

ફોન નં.: ૦૨૬૧-૨૭૩૩૮૨૫ ક્રમાંક : માહિતી-સુરત/૩૧૦/૨૦૨૬

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

રાંદેર શાખા : બી.એમ. હાઉસ, એલજી સર્વિસ સેન્ટર, ડીસન્ટ ફર્નિચરની બાજુમાં, ઓલપાડ રાંદેર રોડ, સુરત –૩૯૫૦૦૫, ગુજરાત. ફો નં. ૦૨૬૧ – ૨૭૬૬૦૯૩, મો. ૮૯૮૦૦૨૬૬૬૫ E-mail -rander@bankofbaroda.com

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, **૧. શ્રીમતી મીનાબેન શારદાભાઈ સોનાવાલા**
૨. શ્રી સિધ્ધાંત શારદાભાઈ સોનાવાલા:
અ) ૧૮/૪/૩, નવો મોહલ્લો, જીમખાના રોડ, સુરત સીટી, સુરત– ૩૯૫૦૦૫.
બ) ફલેટ નં. એલઆઈજી–સી–૮૦૩, બિલ્ડીંગ નં. સી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગામ. જહાંગીરાબાદ, સબ ડિસ્ટ્રીકટ તા. અડાજણ (ચોર્યાસી),જી. સુરત.

સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ શ્રીમતી મીનાબેન શારદાભાઈ સોનાવાલા અને શ્રી સિધ્ધાંત શારદાભાઈ સોનાવાલા (ખાતા નં. ૦૨૬૮૦૬૦૦૦૦૪૨૬૭) ને નોટીસ, હવે પછી અહીં 'ધી એકટ' તરીકે ઉલ્લેખાશે,

મહેરબાનશ્રી,
વિષય : અમારી રાંદેર શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા બાબત.

૧. અમારા **તા.૨૮.૦૨.૨૦૨૪** ના રોજના પત્ર ક્રમાંક માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. જેમ કે પછીથી જણાવ્યું છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધા નો પ્રકાર	લીમીટ (લાખમાં)	વ્યાજનો દર હાલનો	૦૩.૧૦.૨૦૨૫ ના રોજની બાકી રકમ (૩૦.૦૯.૨૦૨૫ સુધી વ્યાજ સહિત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ખાતા નં. (૦૨૬૮૦૬૦૦૦૦૪૨૬૭)	રૂા.૧૦.૨૬	૯.૨૦% (ફલોટીંગ વ્યાજ દર)	રૂા.૯,૭૮,૯૨૫.૩૦/–	તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત ' જહાંગીરાબાદ, ગુજરાત હાઉસીંગ બોર્ડ બિલ્ડીંગ નં. સી, નો ૮મા માળનો ફલેટ નં. એલઆઈજી–સી–૮૦૩', નેટ એરીયા માપ ૪૮.૦૦ ચો.મી બ્લોક નં. કોલોની ૧૫૫ર એલઆઈજી, બ્લોક નં. ૪૫, ૪૮/પી અને ૪૯ (રે.સ.નં. ૧૧૮/૧/૨, ૧૨૦ અને ૧૨૧) ગામ. જહાંગીરાબાદ, સબ ડિસ્ટ્રીકટ તા. અડાજણ (ચોર્યાસી), જી. સુરત ખાતે શ્રીમતી મીનાબેન શરદભાઈ સોનાવાલા ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પૂર્વે** : આંતરીક રોડ, **પશ્ચિમે** : એલઆઈજી–સી–૮૦૨, **ઉત્તરે** : માર્જીનની ખુલ્લી જગ્યા, **દક્ષિણે** : એલઆઈજી–સી–૮૦૪ આવેલ છે.
કુલ			રૂા.૯,૭૮,૯૨૫.૩૦/–	

૨. તમે જાણો છો કે તમે ઉપરોકત બાકી રકમમાં તમારા દ્વારા કરાયેલા વધારાના ડ્રોઈંગ્સ અને વ્યાજની ચુકવણી નો સમાવેશ કરેલ છે. ૩. જેમ તેમ જાણો છો, તમે **૧૦/૦૪/૨૦૨૫** અને તે પછી તમારા ઉપરોક્ત ખાતાઓમાં વ્યાજ અને મુદલની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યા છે ૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૯/૦૭/૨૦૨૫** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૯,૭૮,૯૨૫.૩૦/– (રૂા. અંકે નવ લાખ ઈઠોતેર હજાર અને નવસો પચ્ચીસ અને ત્રીસ પૈસા પુરા) તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ** પેરા–૧ માં જણાવ્યા મુજબ ની જવાબદારી આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૦૩.૧૦.૨૦૨૫ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, રાંદેર શાખા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

રાંદેર શાખા : બી.એમ. હાઉસ, એલજી સર્વિસ સેન્ટર, ડીસન્ટ ફર્નિચરની બાજુમાં, ઓલપાડ રાંદેર રોડ, સુરત –૩૯૫૦૦૫, ગુજરાત. ફો નં. ૦૨૬૧ – ૨૭૬૬૦૯૩, મો. ૮૯૮૦૦૨૬૬૬૫ E-mail -rander@bankofbaroda.com

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, **૧. શ્રી સીતારામ રામચંન્દ્ર ગાયકવાડ**
૨. શ્રીમતી સંગીતાબેન સીતારામ ગાયકવાડ :
અ) ૧૦૩, ક્રિષ્ણા પાર્ક, નૂતન રો હાઉસ સામે, પાલ રોડ, અડાજણ, સુરત– ૩૯૫૦૦૯.
બ) પ્લોટ નં. ૧૭૪, શીવ પાર્ક, બ્લોક/સર્વે નં. ૨૯૭/એ, ગામ– સનકી, સબ ડિસ્ટ્રીકટ– પલસાણા, જી. સુરત.

સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ શ્રી સીતારામ રામચંન્દ્ર ગાયકવાડ અને શ્રીમતી સંગીતાબેન સીતારામ ગાયકવાડ (ખાતા નં. ૦૨૬૮૦૬૦૦૦૦૧૯૪૮) ને નોટીસ, હવે પછી અહીં 'ધી એકટ' તરીકે ઉલ્લેખાશે,

મહેરબાનશ્રી,
વિષય : અમારી રાંદેર શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા બાબત.

૧. અમારા **તા.૧૫.૦૭.૨૦૨૧** ના રોજના પત્ર ક્રમાંક માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. જેમ કે પછીથી જણાવ્યું છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધા નો પ્રકાર	લીમીટ (લાખમાં)	વ્યાજનો દર હાલનો	૦૩.૧૦.૨૦૨૫ ના રોજની બાકી રકમ (૩૦.૦૯.૨૦૨૫ સુધી વ્યાજ સહિત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ખાતા નં. (૦૨૬૮૦૬૦૦૦૦૧૯૪૮)	રૂા.૧૫.૯૦/–	૯.૧૫%	રૂા.૧૧,૩૬,૯૮૯.૨૫/–	તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત ' રામેશ્વર પાર્ક નો પ્લોટ નં. ૩૬૩ માપ આશરે ૬૦.૩૪ ચો.મી (મંજુર પ્લાન મુજબ પ્લોટ નં. ૩૪૭) માપ આશરે ૫૬.૩૦ ચો.મી અને કેજેપી મીજબ બ્લોક નં. ૧૨૫/ઈ/૧ /૩૪૭) ભોયતળિયાના બાંધકામ નું માપ આશરે ૫૭.૪૩ ચો.મીટર વણવહેંચાયેલ હિસ્સા સહિત રોડ અને સીઓપી માપ આશરે ૩૬.૫૩ ચો.મી જમીન રે.સ.નં. ૧૨૦/૧, ૧૨૦/૨, બ્લોક નં. ૧૨૫ (કેજેપી બ્લોક નં. ૧૨૫/ઈ/૧) આશરે માપ ૪૧૨૭૮ ચો.મી, ગામ. અસ્નાબાદ, તા ઓલપાડ, જી. સુરત ખાતે શ્રી સીતારામ રામચંન્દ્ર ગાયકવાડ અને શ્રીમતી સંગીતાબેન સીતારામ ગાયકવાડ ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પૂર્વે** : જોડેનો પ્લોટ નં. ૩૫૮, **પશ્ચિમે** : જોડેનો સોસાયટી રોડ, **ઉત્તરે** : જોડેનો બ્લોક નં. ૩૬૨, **દક્ષિણે** : જોડેનો પ્લોટ નં. ૩૬૪ આવેલ છે.

૨. તમે જાણો છો કે તમે ઉપરોકત બાકી રકમમાં તમારા દ્વારા કરાયેલા વધારાના ડ્રોઈંગ્સ અને વ્યાજની ચુકવણી નો સમાવેશ કરેલ છે. ૩. જેમ તેમ જાણો છો, તમે **૧૦/૦૩/૨૦૨૫** અને તે પછી તમારા ઉપરોક્ત ખાતાઓમાં વ્યાજ અને મુદલની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યા છે ૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૮/૦૬/૨૦૨૫** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૧૧,૩૬,૯૮૯.૨૫/– (રૂા. અંકે અગીયાર લાખ છત્રીસ હજાર અને નવસો નેવ્યાંસી પચ્ચીસ પૈસા પુરા) તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ** પેરા–૧ માં જણાવ્યા મુજબ ની જવાબદારી આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૦૩.૧૦.૨૦૨૫ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, રાંદેર શાખા**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

ઓફિસ સ્ટાફ
જોઈએ છે. ટ્રાવેલ્સ એજન્સી માટે જેન્ટ્સ/ લેડિઝ. વિઝા- ટુરીઝમ લાઈનના અનુભવી/ બીનઅનુભવી. MBA/ પોસ્ટ ગ્રેજ્યુએટ / BCOM /BSC ની લાયકાત ધરાવતા ઉમેદવારો બાયોડેટા સાથે રૂબરૂ મળો. સોહાગીયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રા. લિ. 101-102, તુલસીઆર્કેડ, લાલદરવાજા, સુરત. 9825120172.

જોઈએ છે
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

સ્ટીલ ફેબ્રિકેશન
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

જોઈએ છે
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

ટેલી કોલિંગ કરી
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

વૉક ઇન ઇન્ટરવ્યું
HIV/ AIDS NACP-V(માઈગ્રન્ટ) પ્રોગ્રામ અંતગર્ત ચાલતી સંસ્થા સહયોગ પ્રગતિ મંડળ સચીન સુરતમાં આઉટરીચ વર્કર-૦૧ (૧૨ પાસ અથવા કોઈ પણ વિષયમાં સ્નાતક) પગાર ૧૦૫૦૦+ ૧૫૦૦(ટ્રાવેલિંગ) =૧૨૦૦૦./- કરાર આધારીત ભરતી કરવાની છે. લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ અચૂક હાજર રહેવું. ઈન્ટરવ્યુંનું સ્થળ:-૨૧૪, મહાવીર સોસાયટી, તલંગપુર પુર રોડ, રેલ્વે સ્ટેશનની નજીક, સચીન, સુરત તા.૨૯/૦૬/૨૦૨૬ સમય: ૧૦:૩૦ થી ૧:૦૦ મો. ૭૯૯૦૪૬૧૦૪૪, ૯૬૨૪૮૫૮૬૪૫ (179)

વૉક-ઇન ઇન્ટરવ્યૂ
ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) ના અનુદાનથી કાર્યરત લક્ષ્ય ટ્રસ્ટ - સુરત યુનિટ-3 માટે એમ. એન્ડ ઇ. કમ એકાઉન્ટન્ટ ની જગ્યા પર ફિક્સ પગારથી ભરતી કરવાની છે. જરૂરી લાયકાત:બી.કોમ. (B.Com) અને ટેલી (Tally) નું સંપૂર્ણ જ્ઞાન. ઈન્ટરવ્યૂની તારીખ અને સમય:૩૦/૦૬/૨૦૨૬, મંગળવાર, સવારે ૧૦:૩૦ કલાકે સ્થળ:૮૦૪, આઠમો માળ જાપાન માર્કેટ દિલ્હી ગેટ રિંગ રોડ સુરત મોબાઇલ નંબર:૯૮૯૮૧૨૮૨૬૦ > નોંધ: ઉમેદવારે પોતાના તમામ અસલ (Original) તેમજ પ્રમાણિત નકલ (Attested) ના સર્ટિફિકેટ્સ સાથે નિયત સમયે હાજર રહેવું.

લોનની કંપની માટે
ટેલીકોલર છોકરી જોઈએ છે. પાર્ટટાઈમ, ફુલટાઈમ Location:- નાનપુરા સુરત મો:- 9586817707

હિન્દી માધ્યમમાં
સવારપાળી શાળામાં આર્ટ્સમાં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભૂગોળ, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અંગ્રેજી, તત્વજ્ઞાન વિષય ભણાવી શકે તેવા તમામ લાયકાત ધરાવતા હોય તેવા શિક્ષકો, અને ક્લાર્ક જોઈએ, મળો: સર્વોદય વિદ્યાલય, વેડ રોડ , બહુચરનગર, 9879039064

મિલ્કત વેચવાની છે

પ્લોટ વેચવાનો છે
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

ફ્લેટ વેચવાનો છે
2 BHK વિમલનાથ દેરાસર પાસે, સોનીફળીયા. MO: 9722805111

U G- 26, દુકાન
વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ 9033160362

જમીન વેચવાની
૪૩ ગુંથા ગામ- આસુંદર મરોલી નવસારી રોડ 9825109400

ફ્લેટ વેચવાનો
દસ્તાવેજ સિંગલ રૂમ કિચન બીજો માળ ૧૨ લાખ સગરામપુરા 8488968543

લગ્ન વિષયક

સુરત રહેતી
33 વર્ષની સ્વામિનારાયણ ધર્મ ફોલો કરતી એજ્યુકેટેડ યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

5 રવિવારે દમણ,
1100/- રૂપિયા, AC બસ, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયા: 9484448329

સ્વપ્ન ટ્રાવેલ્સ
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગોત્રી, સાથે હરિદ્વાર, ૠષિકેશ. તારીખ- 19/8, 4/9, 17/9/2026. દિવસ- 15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિલીંગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગેરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ઘરબેઠા TV, LCD
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.